MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# સામાજિક વૈયક્તિક સેવાકાર્યના ક્ષેત્રો

ડૉ. સિધ્ધાર્થકુમાર કે. ચાવડા
સંશોધક,
બોળાસ, તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ

**સારાંશ :**

માનવ - સમાજમાં આધી - વ્યાધિ અને ઉપાધિઓ હંમેશા જોવા મળે છે. એ જ રીતે સામાન્ય માનવીના જીવનમાં મુશ્કેલીઓ અને મૂંઝવણો હોય છે. પ્રત્યેક સમાજ તરફ નજર નાંખીશું ત્યાં આપણને અન્યાયો, અત્યાચારો અને અનાચરો જોવા મળે છે. તે સાથે પ્રત્યેક સમાજમાં અનેક વ્યક્તિઓ સમસ્યા - પ્રભાવિત અને સમસ્યા પીડિત લોકો પણ હોય છે. તે ઉપરાંત દરેક સમાજમાં શારીરિક રીતે અપંગ, માનસિક રીતે તથા મનોભાવાત્મક રીતે વિક્ષેપિત વ્યક્તિઓ પણ જોવા મળે છે. વ્યક્તિલક્ષી સમાજકાર્ય પદ્ધતિ તે સમાજકાર્યની પ્રાથમિક અને પાયાની અને અગત્યની તેમજ ઉપયોગી પદ્ધતિ છે

**ચાવીરૂપ શબ્દો:** સામાજિક વૈયક્તિક, વૈયક્તિક સેવાકાર્ય, સમાજકાર્ય પધ્ધતિ, સમસ્યાઓ, કાર્યપદ્ધતિ

## 1. પ્રસ્તાવના

વૈયક્તિક સેવાકાર્ય આધુનિક સમાજવ્યવસ્થામાં વિશેષ મહત્ત્વપૂર્ણ જણાય છે, કારણ કે પ્રાચીન અને મધ્યયુગમાં આપણા સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથા હતી. જેમાં કુટુંબના બધા જ સભ્યોની આર્થિક બાબતો-આવક-ખર્ચ સંયુક્તપણે થતા હતા. વ્યવસાયમાં સંયુક્તપ્રયાસોથી કામ થતું હતું. ઓદ્યોગીકરણ થતા ૨૦મી સદીમાં સંયુક્ત કુટુંબપ્રથા તૂટવા લાગી. શહેરીકરણના પ્રભાવથી લોકો ગામડાના પરંપરાગત વ્યવસાયો છોડીને નોકરી-ધંધો મેળવવા માટે શહેરોમાં આવીને વસવા લાગ્યા અને વિભક્ત કુટુંબપ્રથા અસ્તિત્વમાં આવી. આજના યુગમાં દૂષિત ખોરાક અને પ્રદૂષણ તથા સાંસ્કૃતિક અને નૈતિક અધ:પતનથી વિવિધ રોગોનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે, જેવા HIV એઇડ્સ, ટી.બી., કેન્સર, ડાયાબિટીસ, યૌન રોગો જેથી આરોગ્યની સમસ્યાઓથી પીડાતા વ્યક્તિઓની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. કુટુંબમાંથી કે નિકટની વ્યક્તિ તરફથી પર્યાપ્ત પ્રેમ કે માનસિક શાંતિ ન મળવાથી વ્યક્તિ મનોસામાજિક સમસ્યાઓનો ભોગ બનતી જોવા મળે છે.જેમાં તીવ્ર ડિપ્રેશન, વિચરવાયુ, માનસિક સંઘર્ષો, અયોગ્ય ક્રિયા, બચાવ પ્રયુક્તિનો વધારે પડતો ઉપયોગ, સ્વપિડન વૃત્તિ, માનસિક થાક, આત્મહત્યા વગેરે જેવી મનોસામાજિક સમસ્યાઓ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

આ બધી સમસ્યાઓને કારણે વૈયક્તિક સેવાકાર્યના શ્રેત્રો ખુબ વિસ્તૃત બનતા ગયા છે. અને વૈયક્તિક સેવાના શ્રેત્રમાં કામગીરી સંભાળતા કાર્યકરોની ભૂમિકાઓ અનેક શ્રેત્રે વ્યાપક બની રહી છે.

**2. હેતુઓ**

1. સમાજકાર્યની પ્રાથમિક પદ્ધતિ જાણવી.

2. સમાજકાર્યની ઉપયોગી પદ્ધતિ વિશે જાણવું.

3. સામાજિક વૈયક્તિક સેવાકાર્યના ક્ષેત્ર જાણવા.

**3. સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ પદ્ધતિનો ઉપયોગ કરવા આવેલ છે. અહી વિષય સબંધિત ગૌણ માહિતી મેળવવા માટે ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત સમચાર પત્ર, પ્રકાશિત પુસ્તકોમાંથી માહિતી મેળવવામાં આવેલ છે. આજના સમયમાં માહિતી મેળવવા મહ્ત્વનો સ્ત્રો ઇન્ટરનેટ છે. કેટલી માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવા આવેલ છે.

**4. સંદર્ભ સાહિત્યની સમીક્ષા**

- પ્રસ્તુત સંશોધન પેપરમાં કાંતિ પી. ત્રિવેદી (૨૦૧૩) સામાજિક વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ, નવસર્જન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં વૈયક્તિક સેવાકાર્યનો ઇતિહાસ, વ્યાખ્યા, સ્વરૂપ તથા વૈયક્તિક સેવાકાર્યના સિદ્ધાંતો, મૂલ્યો, માન્યતાઓ અને તેની કુતળતાઓની વિસ્તૃત છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે.
- ડૉ. નેહલ બી. ત્રિવેદી, ડૉ. પ્રિયંકા બી. જાની, પ્રા. ખ્યાતિ આર. વાઘેલા (૨૦૧૮) સમાજકાર્ય, નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં નવ પ્રકરણમાં વિષયવસ્તુને વહેંચવામાં આવી છે, જેમાં પ્રથમ ત્રણ પ્રકરણોમાં સમાજકાર્યના ઇતિહાસ અને સિદ્ધાંતોને લાગતી વિગતો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય પ્રકરણોમાં સમાજકાર્યની પદ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી છે, સમાજકાર્યને સમજવા મથતા તમામને તેમની મથામણમાં અને અભ્યાસુઓને તેમના અભ્યાસમાં ઉપગોયગી નીવડે તેવું છે.

**5. સામાજિક વૈયક્તિકનો અર્થ**

સામાજિક વૈયક્તિક કાર્ય એ સમાજકાર્યની પ્રાથમિક પદ્ધતિ છે આ પદ્ધતિ વ્યક્તિના સમાયોજન અને વિકાસ સાથે જોડાયેલી છે. વ્યક્તિને મદદ કરવાના હેતુથી કરવામાં આવતું વૈયક્તિક કાર્ય નવું નથી. પરંતું સામાજિક જીવનના કારણે માનવીમાં ઘણા સામાજિક ગુણોનો વિકાસ થયો છે. સમાજમાં માનવીઓ કોઈને કોઈ સમસ્યાઓથી પીડાતા હોય

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

છે. તેમના જીવનમાં ઘણી બાબતો અવરોધરૂપ કે નડતર હોય છે. સમાજકાર્યની આ પદ્ધતિ વ્યક્તિની સમસ્યાઓ અને નડતરોને નિવારવાનું કામ કરે છે, તેમજ તેના વિકાસમાં સહાયક થાય છે.

સમાજકાર્યની આ પદ્ધતિને વ્યક્તિલક્ષી કહેવાય છે તેથી તેનો સીધો અને સાદો અર્થ એવો થાય કે જે પદ્ધતિ વ્યક્તિની સમસ્યાઓ અને નળતરોને નિવારે તેમજ વિકાસમાં મદદરૂપ બને છે તેને "વ્યક્તિલક્ષી સમાજકાર્ય પદ્ધતિ' કહેવાય છે.

### 6. વૈયક્તિક સેવાકાર્યના ક્ષેત્રો

### 6.1 પરિવાર કલ્યાણ

આધુનિક સમાજ વ્યવસ્થામાં સંયુક્ત કુટુંબની ભાવના લગભગ પૂર્ણ થઈ ચૂકી છે. અને વિભક્ત કુટુંબો શહેરી સમાજમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ઘણા કુટુંબમાં પતિ-પત્નીનું સમાયોજન તૂટતાં સમાયોજનના પ્રશ્નો, ભૂમિકા, સંઘર્ષ, લગ્ન બહારના સબંધો, બાળકોના ઉછેર સબંધી સમસ્યાઓ, મિલકતના ઝઘડા, કુટુંબના વડીલવર્ગની કફોડી હાલત, થતી સમસ્યાઓ જેવી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે પરિવાર કલ્યાણના ક્ષેત્રે વૈયક્તિક સેવાકાર્ય દ્વારા સારવાર સંબંધી કામગીરી કરવામાં આવે છે. વૈયક્તિક સેવાકાર્ય દ્વારા આવા પરિવારોને સમસ્યા સંબંધી સર્વગ્રાહી મદદ કરવામાં આવે છે. કુટુંબના સભ્યોનું સમાયોજન, ભૂમિકા સંઘર્ષ જેવી સમસ્યાઓને વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ દ્વારા યોગ્ય પરામર્શથી ઉકેલવામાં આવે છે. જેમાં કાર્યકર વિવિધ સામાજિક સંસ્થાઓની સુવિધાઓ,સ્ત્રોતો તથા વિશિષ્ટ પરામર્શની વ્યવસ્થા ગોઠવીને સહાયતા કરે છે. જરૂર જણાયે કાયદાકીય મદદ પણ પૂરી પાડવામાં આવે છે. સમાજની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારી વિભાગો દ્વારા આ ક્ષેત્રમાં કામગીરી કરવામાં આવે છે.

### 6.2 બાળ કલ્યાણ

આજના આધુનિક યુગમાં બાળઉછેર અને બાળવિકાસની અનેક સમસ્યાઓ ઊભી થઈ છે. ભારતમાં કુલ વસતિના ૪૦ ટકાથી વધારે જનસંખ્યા ૧૬ વર્ષથી નીચેના બાળકોની છે. કુટુંબની આર્થિક સમસ્યાઓ તથા સામાજિક પ્રશ્નનોને કારણે બાળકોના ઉછેર અને વિકાસમાં અનેક અંતરાયો ઊભા થાય છે, જેથી બાળમજૂરી, બાળઅપરાધ, અનાથ બાળકોના પ્રશ્નો, યૌનશોષણ, અપંગ અને વિકલાંગ, માનસિક રોગોથી પીડાતા બાળકોની સમસ્યાઓ અને આવી અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઇ છે, જેના સમાધાન માટે બાળ કલ્યાણ ક્ષેત્રે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારી વિભાગો દ્વારા ચાલતી સરકારી સંસ્થાઓ દ્વારા વૈયક્તિક સેવાકાર્યની કામગીરી થઈ રહી છે. આ સંસ્થાઓમાં માતૃ-બાળ વિકાસગૃહ, શિશુમંગલ ગૃહ, અનાથઆશ્રમો, રિમાન્ડ હોમ, બહેરા-મૂંગા શાળાઓ, વિકલાંગ શાળાઓ, બાળ ચિકિત્સાલયો, બાળ-અપરાધ સુધારણા ગૃહો, માનસિક રોગી બાળકોની હોસ્પિટલો વગેરે વિવિધ કાર્યક્રમો બાળકોને યોગ્ય સારવાર અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અને વિકાસ અને કલ્યાણ માટે કામગીરી કરવામાં આવે છે

### 6.3 યુવા કલ્યાણ

આજના યુગમાં સમાજના યુવકોની અનેક જરૂરિયાતો અને તેમના વિકાસ અને કલ્યાણ માટે વિવિધ કાર્યક્રમોની જરૂરત ઊભી થઈ છે જેથી યુવાકલ્યાણ ક્ષેત્ર દ્વારા સમાજના યુવક-યુવતીઓની આ જરૂરિયાતો સામાજિક, સાંસ્કૃતિક, સાંસ્કૃતિક વિકાસ અને કલ્યાણ માટે સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે જેમાં મુખ્યત્વે યુવા મંડળો, મહિલા મંડળો, સ્કાઉટ ગાઈડ, ભારત સેવક સમાજ અને યુવક વિકાસ તથા સાંસ્કૃતિક સેવ વિભાગ જેવી સ્વૈચ્છિક અને સરકારી અનુદાનથી આ ક્ષેત્રમાં કામગીરી કરવામાં આવે છે. જેમાં વૈયક્તિક સેવાકાર્યના તાલીમબદ્ધ કાર્યકરો પ્રશંસનીય સેવા કરી રહ્યા છે.

### 6.4 મહિલા કલ્યાણ

આઝાદી પછી ભારતમાં અને ગુજરાતમાં સ્ત્રીઓના કલ્યાણ માટે તથા વિકાસ માટે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બહોળા પ્રમાણમાં કામ શરૂ થયું, ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ મહિલાઓના કલ્યાણ અને વિકાસના કાર્યક્રમો શરૂ થયા, જેમાં ખાસ કરીને માતૃ બાળ-કલ્યાણ સેવાઓ જેમાં મહિલાઓને સગર્ભાવસ્થાથી શરૂ કરીને પ્રસૂતાવસ્થા સુધી સરકારશ્રી દ્વારા આરોગ્ય અને પોષણ વિષયક સેવાઓ આપવામાં આવે છે. દીકરી બચાવો ઝુંબેશથી સ્ત્રી ભૂણહત્યા બંધ કાયદો બનાવવામાં આવ્યો અને સામાજિક સંસ્થાઓ દ્વારા ઝુંબેશરૂપે કાર્યક્રમો યોજવામાં આવ્યા.

કુટુંબ સલાહ કેન્દ્રો દ્વારા સ્ત્રીઓના સામાજિક પ્રશ્નો ઉકેલવા માટેની કામગીરીને વેગ આપવામાં આવ્યો. જ્યારે સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણને ગતિશીલ બનાવવા ખાનગી અને સરકારી વિભાગોમાં નોકરી અંગે સ્ત્રીઓની અનામત જગ્યાઓની જોગવાઈ કરવામાં આવી. ગ્રામ પંચાયતો તથા તાલુકા પંચાયતોમાં સ્ત્રીઓને સ્થાન આપીને તેના માનસન્માન વધારવા સ્ત્રી અનામત બેઠકોની જોગવાઈઓ કરવામાં આવી. તેમાં વૈયક્તિક કાર્યકરો મહત્વની ભૂમિકા ભજવવામાં આવે છે.

### 6.5 શ્રમ કલ્યાણ

સામાજિક પરિવર્તનને પરિણામે વિવિધ વ્યવસાયો, ઉદ્યોગો દિન -પ્રતિદિન શરૂ થતાં ગયાં છે, જેમાં મજૂર-માલિક વચ્ચેના પ્રશ્નો, શ્રમિકોના રહેણાંક, શિક્ષણ, આરોગ્યના પ્રશ્નો તથા અન્ય સામાજિક પ્રશ્નોને ઉકેલવા માટે શ્રમકલ્યાણ શ્રેત્રે વૈયક્તિક સેવાકાર્ય દ્વારા વિશિષ્ટ કામગીરી હાથ ધરવામાં આવી, આ ક્ષેત્રે મજૂર કલ્યાણ અધિકારી તરીકે વૈયક્તિક કાર્યકર દ્વારા મજૂર-માલિક વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા નિભાવવામાં આવે છે. ઉપરાંત શ્રમિકોના આવાસો, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, કામના કલાકો, ઘોડિયાઘર, કામના સ્થળે કેન્ટીન તથા શૌચાલયોની સુવિધા જેવા અનેક કાર્ય આ શ્રેટ્રે વૈયક્તિક કાર્યકરની ભૂમિકા કડીરૂપ ગણવામાં આવે છે. મજૂર અને માલિક વચ્ચેના સંઘર્ષ ઉકેલ માટે કામગીરી કરવામાં આવે છે.

### 6.6 બાળઅપરાધ તથા અપરાધ

બાળકો દ્વારા થતા અપરાધો અટકાવવા માટે અને આ બાળકોના સમાજમાં પુનઃ સ્થાપન માટે સરકારશ્રી દ્વારા રિમાન્ડ હોમ, બાળગૃહો શરૂ કરવામાં આવ્યા છે. જેના બાળઅપરાધી બાળકોને રાખવા આવે છે. તેમને વૈયક્તિક કાર્યકર દ્વારા કેસવર્ક પદ્ધતિથી તેની સમસ્યાની સારવાર કરવામાં આવે છે. તથા આ બાળકોને તેમના કુટુંબમાં પુનઃ સ્થાપિત કરવામાં આવે છે. આ બાળકોના શિક્ષણ માટે પણ જરૂર જણાએ વ્યવસ્થા કરવામાં આવે છે.

પુખ્ત વ્યક્તિના અપરાધો અંગે ન્યાયતંત્રના આદેશ મુજબ તે અપરાધીઓને તેમની સજાના વર્ષો દરમિયાન જેલમાં મોકલવામાં આવે છે. જ્યાં વૈયક્તિક કાર્યકર દ્વારા કેસવર્ક પદ્ધતિથી આ અપરાધીઓને જેમનું સમસ્યાઓથી બહાર લાવવા માટે યોગ્ય સારવાર કરવામાં આવે છે તેમના વલણો, વ્યવહારોમાં સુધારો કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. તેના પુનઃ સ્થાપન માટેના પ્રયાસો કરવામાં સહાયતા કરવામાં આવે છે.

### 6.7 ચિકિત્સકિય

વૈયક્તિક સેવાના આ ક્ષેત્રમાં બીમાર વ્યક્તિઓને મેડિકલ સુવિધાઓ તથા સેવાઓના ઉપયોગની વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી તેમની બીમારીમાં સુધારો લાવી શકાય, કારણ કે, સામાજિક મનોવિજ્ઞાનના મત મુજબ વ્યક્તિની શારીરિક બીમારીઓને લીધે માનસિક સંઘર્ષો અને સમાયોજન અંગેની તકલીફો ઊભી થતી હોય છે. ક્યારેક વ્યક્તિની માનસિક અશાંતિ કે આવેગોને અસંતુલનથી કેટલીક શારીરિક વ્યાધિઓ  જન્મતી હોય છે. સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓ તથા હોસ્પિટલોમાં મેડિકલ સોશ્યલ વર્કર દ્વારા આ કામગીરી કરવામાં આવે છે.

### 6.8 મનોચિકિત્સકિય

માનસિક રોગીઓની સારવાર માટે આ શ્રેત્રમાં વિશિષ્ટ કામગીરી વૈયક્તિક કાર્યકરો દ્વારા કરવામાં આવે છે. વ્યક્તિના સામાજિક સમાયોજણનમાં જ્યારે અસંતુલન પેદા થાય છે ત્યારે તિવ્ર સંઘર્ષની મનોસ્થિતિમાં વ્યક્તિ મનોસામાજિક રોગીનો ભોગ બને છે. આવા રોગીઓની સારવાર માટે માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો, મેન્ટલ હોસ્પિટલો, મોટી હોસ્પિટલોમાં માનસિક સ્વાસ્થ્ય વિભાગોમાં વૈયક્તિક સેવા કાર્યકરો દ્વારા સારવાર અને મદદરૂપ થવામાં આવે છે. આ દર્દીઓને પરામર્શ, ભાવાનાત્મક સહકાર,  વિશિષ્ટ મેડિકલ સારવાર, સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવે છે.

વૈયક્તિક સેવાકાર્ય ના ઉપરોક્ત વિવિધ ક્ષેત્રો સમાજની વિવિધ સમસ્યાઓની સારવાર કરી વ્યક્તિના વિકાસ અને કલ્યાણમાં યોગદાન આપવામાં આવે છે.

## 7. નિષ્કર્ષ

આપણા દેશમાં ધાર્મિક સંસ્થાઓ, સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓની મદદ કરવાની વર્ષો જૂની પ્રથા છે જેમાં સરકારી સહાયને લીધે આ કામગીરીને ઘણો વેગ મળ્યો છે. આજના સમયમાં

વ્યાવસાયિક સમાજકાર્યકર દ્વારા સમાજની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે અને સમાજના કલ્યાણ માટે વૈયક્તિક સેવાકાર્યની ખૂબ જરૂરિયાત ઊભી થઈ છે.

આજના આધુનિક સમાજમાં કુટુંબકલહ, બાળઅપરાધ, દેહવ્યાપાર, એઇડ્સ જેવા સામે ઝઝૂમતા દર્દીઓ, બાળમજૂરી, વ્યસનોથી પિડાતા યુવાનોની સમસ્યાઓ, સ્ત્રીભૂણહત્યા, જાતીય રોગોથી પીડાતા વ્યક્તિઓની સમસ્યાઓ જેવી અનેક સમસ્યાઓના નિવારણ માટે વૈયક્તિક સેવાકાર્ય અનિવાર્ય બન્યું છે.

આ ક્ષેત્રમાં કામગીરી બજાવતા વ્યાવસાયિક કાર્યકરે વૈયક્તિક સેવાકાર્યના મૂલ્યો, માન્યતાઓ, સિદ્ધાંતો, કુશળતાઓ અને સેવાકાર્યની પ્રક્રિયાઓ હતા સેવાર્થીની સારવાર માટેની નિપૂણતા પ્રાપ્ત કરવી જરૂરી બને છે. કાર્યકર નું જ્ઞાન અને આવડત સાથે આંતરસૂઝથી તેનુ કાર્ય વધુ સારી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

## સંદર્ભસૂચિ


1. પ્રા. ડૉ. રમણીક ભટ્ટી ( ૨૦૧૪) સમાજકાર્યની પદ્ધતિઓ, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ પૃ. 20
2. ડો. નેહલ બી. ત્રિવેદી, ડૉ. પ્રિયંકા બી. જાની, પ્રા. ખ્યાતિ આર. વાઘેલા (૨૦૧૮) સમાજકાર્ય, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ પૃ. 33
3. ડૉ. નેહલ ત્રિવેદી (૨૦૨૦) સમાજકાર્યના ક્ષેત્રો, Red'Shine Publication Lunawada, India પૃ.10
4. ક્રાંતિ પી. ત્રિવેદી (૨૦૧૩) સામાજિક વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ પૃ. 32-36
5. ડૉ. આનંદી પટેલ (૨૦૦૯) વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યાસાયિક અભિવૃતિ પ્રકાશન.
6. प्रो. डॉ. ए. एस. इनाम शास्त्री (2015) व्यावसायिक समाजकार्य, गुलसी सोशल पब्लिकेशन, लखनऊ पा. 60-61

Certificate No.:0203202413

# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

(MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ. સિધ્ધાર્થકુમાર કે. ચાવડા**

In recognition of the publication of the paper entitled

**સામાજિક વૈયક્તિક સેવાકાર્યના ક્ષેત્રો**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**